**કૃપાકરી પ્રસિદ્ધિ માટે** **૩ જૂન ૨૦૧૪**

## સ્વ.ગોપીનાથ મુંડે ને શ્રદ્ધાંજલી

**મુંબઈ,મંગળવાર :** "સૂર્ય ઉદિત થતી વેળાં જ અચાનક અસ્ત થયો છે. શ્રી ગોપીનાથ મુંડે એટલે મહારાષ્ટ્રનો ઝંઝાવાત ! ગ્રામપંચાયત થી વિધાનસભા થી લોકસભા આવી તેમની સફળતાની ચડતી કમાન હતી. મોદીના નેતૃત્વ તળે ગ્રામ વિકાસ મંત્રી ની રૂએ દેશના વિકાસમાં ગોપીનાથજી મુલ્યવાન કામગીરી કરી દાખવશે તેવો વિશ્વાસ હતો. પરંતુ નિયતીએ જ વિશ્વાસઘાત કર્યો. મહારાષ્ટ્રમાં ફરી વખત ભગવો લહેરાવવાની નેમ મુંડેજીએ ધરી હતી. આગામી વિધાનસભા ચૂંટણીમાં મહાયુતીનું રાજય લાવવું એજ ગોપીનાથજીને ખરી શ્રદ્ધાંજલી રહેશે." આ મુજબના શબ્દો વડે માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે શોક વ્યકત કર્યો છે.

**(કાર્યાલય સચિવ)**